# પરિક્રમા માર્ગને પ્લાસ્ટીક મુકત રાખવા રાજકોટ - જુનાગઢની સંસ્થાઓનું પ્રેરક અભિયાન : ટન બંધ કચરાનો વ્યવસ્થીત નિકાલ




AKILA NEWS

રાજકોટ : દર વર્ષે ગીરનાર પરિક્રમાનો લાખો લોકો લાભ લેતા હોય છે. ગીરનાર સેન્ચ્યુરીમાંથી પસાર થતા આ લોકો જંગલમાં અંદર પાણીની ખાલી બોટલ, પાઉચ, પ્લાસ્ટીકના ઝભલા, વેફર પાઉચ સહીતનો ટન બંધ કચરો ફેંકતા જતા હોય છે. ત્યારે રાજકોટના વાઇલ્ડ લાઇફ કંઝર્વેશન ટ્રસ્ટ દ્વારા વ્યવસ્થીત અભિયાન ચલાવી આવો કચરો એકત્ર કરી નિકાલ કરાયો હતો. વન વિભાગ જુનાગઢ, ભાવનાબેન ચીખલીયા ફાઉન્ડેશન જુનાગઢ, સ્વપ્ન યુવા વિકાસ મંડળ જુનાગઢ દ્વારા ત્રણ જગ્યાએ સ્ટોલ ઉભા કરી લોકોમાં જાગૃતિ લાવવા પ્રયાસ કરાયો હતો. આવા સ્ટલ પાસેથી પસાર થતા યાત્રીકો પાસેથી પ્લાસ્ટીકની કોથળીઓ લઇને સામે કાગળની બેગ તેમજ વોવન બેગનું વિનામુલ્યે વિતરણ કરાયુ હતુ. આ રીતે પ્લાસ્ટીકનો કચરો જંગલમાં ફેલાતો અટકાવી નવતર અભિયાન હાથ ધરાયુ હતુ. એકત્ર થયેલ ટન બંધ પ્લાસ્ટીકના કચરાનો જુનાગ મ્યુ. કોર્પોરેશનના સહયોગથી પદ્ધતીસર નિકાલ કરાયો હતો. આ સંસ્થા દ્વારા પરીક્રમાના રૂટ ઉપર નાના બોર્ડ તેમજ હોર્ડીંગ બોર્ડ લગાવીને પણ પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો સંદેશો પ્રસરાવાયો હતો.

(04:30 pm IST)